# તેલંગાણા મુદ્દે આજે કોંગ્રેસ કારોબારી

નવી દિલ્હી,તા. ૨૯

અલગ તેલંગાણા માટેની માંગણીને લઈને એકબાજુ ગુંચવણભરી સ્થિતિ સર્જાયેલી છે ત્યારે કોંગ્રેસે આવતીકાલે કારોબારી સમીતિની મહત્વપૂર્ણ બેઠક બોલાવી છે જેમાં તમામ પાસાઓ ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવ્યા બાદ આ જટિલ મુદ્દે નિર્ણય કરાય તેવી શક્યતા છે. યુપીએ સંકલન સમીતિની બેઠકમાં આ મુદ્દા ઉપર ચર્ચાઓ કરાયા બાદ આ મિટીંગ મળનાર છે. ઉચ્ચસ્તરીય કોંગ્રેસના સૂત્રોનું કહેવું છે કે સંકલન સમીતિની બેઠક આવતીકાલે ચાર વાગે મળનાર છે. ત્યારબાદ ૫.૩૦ વાગે કોંગ્રેસ કારોબારી સમીતિની બેઠક મળનાર છે.આંધ્રપ્રદેશ માટે આવતીકાલનો દિવસ ઐતિહાસિક હોઈ શકે છે. સાંજે ચાર વાગ્યે સંકલન સમિતિમાં પણ આ પાસા પર ચર્ચા થશે. આંધ્રના મુખ્યમંત્રી એન કિરણકુમાર રેડ્ડી અને પીસીસીના પ્રમુખ સત્યનારાયણને રાષ્ટ્રીયપાટનગરમાં ઉપસ્થિત રહેવા માટે સૂચના આપવામાં આવી છે. આ ઉપરાંત આંધ્રના એઆઈસીસીના નેતા દિગ્વિજયસિંહ પણ ઉપસ્થિત રહે તેવી શક્યતા છે. તેલંગાણાના ૧૦ જિલ્લાઓ અને રાયલસીમાના બે જિલ્લાઓને આવરીલઈને તેલંગાણાની રચનાની વાત ચાલી રહી છે દરમિયાન કોઈ પણ હિંસાના બનાવો ન બને તે માટે હૈદરાબાદ અને અન્ય ભાગોમાં સુરક્ષા મજબુત કરવામાં આવી છે.

ઉચ્ચસ્તરીય મિટીંગ આંધ્રપ્રદેશમાં પંચાયત ચૂંટણીની પૂર્ણાહૂતિની પૂર્વ સંધ્યાએ બોલાવવામાં આવી છે. આ મિટીંગ એવા સમયે યોજાઈ રહી છે જ્યારે કોંગ્રેસ હાઈકમાન્ડ દ્વારા આંધ્રપ્રદેશના વિભાજનની તૈયારી કરી લેવામાં આવી છે. પક્ષની અંદર કેટલાક નેતાઓ દ્વારા આંધ્રપ્રદેશના વિભાજનને લઈને પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હોવા છતાં આંધ્રના વિભાજન અંગે સૈદ્ધાંતિક નિર્ણય કરી લેવાયો હોવાનું જાણવા મળ્યું છે. જો કે સત્તાવાર જાહેરાત કરવામાં હજુ સમય લાગે તેવી વકી છે. યુપીએની બેઠક શાસક ગઠબંધનના ઘટક પક્ષોની મંજૂરીલેવાના હેતુસર બોલાવવામાં આવી છે. કોંગ્રેસ કારોબારી સમીતિની બેઠકમાં અંતિમ નિર્ણય લેવાય તેવી વકી છે. આ મુદ્દે સાથી પક્ષોના વલણ અંગે માહિતી મળ્યા બાદ જ જાણકારી મળી શકશે. એનસીપીના વડા અને કૃષિ પ્રધાન શરદ પવાર અલગ તેલંગાણાનીરચનાને લઈને જોરદાર રજૂઆત કરી ચૂક્યા છે. જ્યારે આરએલડીના નેતા અને નાગરિક ઉડ્ડયન પ્રધાન પણ આવો જ મત રજૂ કરી ચૂક્યા છે. નાગરિક ઉડ્ડયન પ્રધાન તેલંગાણાના મામલે રજૂઆત કરાયા બાદ હવે પશ્ચિમી ઉત્તર પ્રદેશના જિલ્લાઓને આવરી લઈને અલગ હરીત પ્રદેશની રચનાની માંગણી કરી ચૂક્યા છે. ભાજપ પ્રમુખ રાજનાથસિંહ પહેલાથી જ કહીં ચૂક્યા છે કે તેલંગાણાની રચના માટે તેમની પાર્ટી ટેકો આપશે. તેલંગાણાના હિતો માટે ભાજપ કટીબદ્ધ છે. આની રચના કરવામાં આવે તેમ તે ઈચ્છે છે. ભાજપના નેતાઓએ કહ્યું છે કે તેલંગાણાની માંગ પક્ષે ઘણા સમયથી કરી છે.



## કાશ્મીર ખીણમાં ૫.૫ની તીવ્રતાનો પ્રચંડ આંચકો

શ્રીનગર,તા. ૨૯

જમ્મુ કાશ્મીરમાં કાશ્મીર ખીણમાં આજે સવારે ૫.૫ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો જેના કારણે લોકોમાં વ્યાપક દહેશત ફેલાઈ ગઈ હતી જો કે જાનમાલના નુકશાનના કોઈ પણ અહેવાલ મળી રહ્યા નથી. ભૂકંપ સાથે સંબંધિત વિભાગના અધિકારીએ કહ્યુ છે કે અફઘાનિસ્તાનમાં હિન્દુકુશ પ્રદેશમાં ભૂકંપનું કેન્દ્ર હોવાનું જાણવા મળી રહ્યુ છે. ભૂકંપનો આંચકો ૧.૩૦ વાગ્યની આસપાસ અનુભવાયો હતો. અધિકારીનું કહેવું છે કે ભૂકંપના કારણે લોકો ખુલ્લા મેદાનમાં દોડી આવ્યા હતા જોકે આ આંચકાના કારણે હજુ સુધી નુકસાનના કોઈ અહેવાલ મળ્યા નથી. જમ્મુ કાશ્મીરને પણ ભારતના સૌથી ભૂકંપ પ્રભાવિત વિસ્તારો પૈકી એક તરીકે ગણવામાં આવે છે. જમ્મુ કાશ્મીર ઉપરાંત પશ્ચિમ બંગાળ અને અન્ય કેટલાક રાજ્યોમાં વારંવાર ભૂકંપના આંચકા તાજેતરના સમયમાં નોંધાયા છે જેના કારણે ભૂકંપ સાથે સંબંધિત નિષ્ણાંતો દ્વારા પણ હવે અભ્યાસની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી છે. વિશ્વના ઘણા ભાગોમાં હાલના સંબંધમાં ભૂકંપના આંચકા આવી રહ્યા છે. જમ્મુ કાશ્મીરમાં અગાઉ પણ પ્રચંડ ભૂકંપના આંચકા આવી ચુક્યા છે. ૫.૫ની તીવ્રતાના આંચકાના લીધે તમામ લોકો હચમચી ઉઠ્યા હતા અને ખુલ્લા મેદાનમાં દોડી ગયા હતા. જુદા જુદા વિભાગો દ્વારા આંચકા બાદ નુકસાન થયુ છે કે કેમ તેની ચકાસણી હાથ ધરાઈ હતી.

## વહેલી તકે લોકસભા ચૂંટણીનો સુષ્માનો સંકેત

નવી દિલ્હી,તા. ૨૯

લોકસભામાં વિપક્ષના નેતા સુષ્મા સ્વરાજે આજે કહ્યુ હતુ કે સામાન્ય ચૂંટણી વહેલીતકે યોજાઈ શકે છે. સુષ્માએ કહ્યુ હતુ કે ભાજપ મિશન ૨૦૧૪ પણ સફળરીતે પાર પાડવાની યોજના ધરાવે છે. ભાજપની મહિલા મોરચાની રાષ્ટ્રીય કારોબારીની બેઠકને સંબોધતા સુષ્માએ કહ્યુ હતુ કે લોકસભાની ચૂંટણી વહેલીતકે યોજાય તેવા સંકેત દેખાઈ રહ્યા છે. દેશના લોકો હવે ભાજપને સત્તામાં જોવા ઈચ્છુક બન્યા છે.

સુષ્માએ કહ્યુ હતુ કે અમે સ્વતંત્રતા સંઘર્ષમાં ભાગ લઈ શક્યા ન હતા કારણ કે ૧૯૪૭ બાદ અમારો જન્મ થયો હતો પરંતુ કોંગ્રેસ પાસેથી દેશને મુક્ત કરાવવાનો હવે સમય આવી ગયો છે. આના માટેની લડાઈનો આ સમય છે. સુષ્મા સ્વરાજે કેસરીયા પાઘડી પહેરીને આ સંબોધન કર્યુ હતુ. તેમની પાછળ વિશાળ સિંહના ફોટાઓ બેકગ્રાઉન્ડમાં મુકવામાં આવ્યા



હતા. ભાજપના વરિષ્ઠનેતાના જણાવ્યા મુજબ દેશના લોકો યુપીએ સરકારને સત્તાથી દૂર ફેંકી દેવા રાહ જોઈ રહ્યા છે કારણ કે ચારે બાજુ સરકારની નિષ્ફળતાથી લોકો પણ ત્રાસી ગયા છે.

સ્વરાજે કહ્યુ હતુ કે દેશમાં પ્રવર્તમાન સ્થિતિને જોતા યુપીએ સરકાર વધુ અવધિ માટે ટકી શકે તેવી સ્થિતિમાં નથી. સરકાર ટકી શકે તેમ લાગે છે કે કેમ તેવો વળતો પ્રશ્ન સુષ્માએ કર્યો હતો. ભાજપની ચૂંટણી વ્યૂરચના શું હશે તે અંગે પુછવામાં આવતા સુષ્માએ કહ્યુ હતુકે આગામી વિધાનસભાની ચૂંટણીમાં પહેલા અમે કોગ્રેસ પાસેથી કેટલાક રાજ્યોને આંચકી લઈશું ત્યાબાદ અમારા રાજ્યોનો બચાવ કરીશું આ જ મુખ્ય હેતુ છે. કોંગ્રેસના એક માત્ર વિકલ્પ તરીકે ભાજપ જ છે. સુષ્માએ ભારતમાં મહિલાઓની સુરક્ષાનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો અને કહ્યુ હતુ કે ભારતીય મહિલા અંતરિક્ષમાં પહોંચી ચુકી છે. ઘણી બધી સિદ્ધિઓ હાંસલ કરી છે પરંતુ શરમજનક બાબત એ છે કે અહીં મહિલાઓ સુરક્ષિત નથી. મહિલાઓ માટે અમે ચાર મુદ્દાનો કાર્યક્રમ ધરાવીએ છીએ. તેમણે ઉમેર્યુ હતુ કે અમે સત્તા પર આવીશું અને આનું મિશન છે. સુષ્માએ ઉમેર્યુ હતુકે કૃષિ વિકાસ અંગે વાત કરવાનો કોઈ મતલબ નથી. જીડીપીના આંકડા તમામ બાબત સાબિત કરે છે. મહિલાઓને આ અંગે વાત કરવાની જરૂર નથી. તેમની પીડા અંગે વાત કરવાની જરૂર છે.

## ભારતમાં હવે થ્રીજી ગ્રાહક નેટવર્ક ૫૬ મિલિયન થશે

નવી દિલ્હી,તા. ૨૯

દેશમાં થ્રીજી ગ્રાહક નેટવર્ક આ નાણાંકીય વર્ષમાં વધુ ૫૬ મિલિયનના આંકડા સુધી પહોંચી શકે છે જે હાલમાં ૨૮ મિલિયનના આંકડા પર છે. ફિલીપ કેપિટલ દ્વારા કરવામાં આવેલા નવા સર્વેમાં જણાવવામાં આવ્યુ છે કે માર્ચ ૨૦૧૫ સુધી દેશનો થ્રીજી ગ્રાહક નેટવર્ક ૯૬ મિલિયનના આંકડાને પાર કરી શકે છે જે હાલમાં ૫૬.૧ મિલિયનની આસપાસ છે. માર્ચ ૨૦૧૪ના અંત સુધીમાં ૫૬.૧ મિલિયન યુઝરના આંકડાથી આ આંકડો વધીને ૯૬ મિલિયન યુઝર સુધી પહોંચશે.



રિલાયન્સ કોમ્યુનિકેશન વર્ષ ૨૦૧૩માં સૌથી વધારે થ્રીજી ગ્રાહકો ધરાવે છે પરંતુ આગાહી એવી કરવામાં આવી છે કે ભારતી એરટેલ માર્ચ ૨૦૧૪ સુધીમાં ૧૪ મિલિનય થ્રીજી ગ્રાહકો સાથે પ્રથમ ક્રમાંક પર પહોંચી જશે. આ આંકડો આગામી વર્ષ દરમિયાન બે ગણો થાય તેવી શક્યતા છે. થ્રીજી ગ્રાહક નેટવર્કમાં તીવ્ર વધારો થવા માટે ઘણા કારણો જવાબદાર છે જેમાં પોષાય તેવા થ્રીજી હેન્ડસેટ અને સ્માર્ટ ફોનનો સમાવેશ થાય છે. આ ઉપરાંત થ્રીજીના દરમાં ઘટાડો કરાયો છે. ટેલિકોમ કંપનીઓ દ્વારા આક્રમક માર્કેટિંગની નીતિ અપનાવવામાં આવી છે. અનિલ અંબાણીના નેતૃત્વમાં આરકોમ જે ૧૩ સર્કલમાં થ્રીજી સ્પેક્ટ્રમ ધરાવે છે તેના થ્રીજી કસ્ટમરો ૭.૨ મિલિયન છે જ્યારે ભારતી એરટેલના થ્રીજી કસ્ટમરો ૬.૩ મિલિયન જેટલા છે. ભારતી એરટેલ પણ ૧૩ સર્કલમાં થ્રીજી સ્પેક્ટ્રમ ધરાવે છે. આવી જ રીતે ત્રીજી ક્રમાંક પર આઈડિયા સેલ્યુલર છે. તેના ૧૧ સર્કલમાં થ્રીજી ગ્રાહકોની સંખ્યા ૪.૧ મિલિયન જેટલી છે જ્યારે વોડાફોનના થ્રીજી ગ્રાહકોની સંખ્યા ૩.૭ મિલિયનની આસપાસની છે.

## આજે આરબીઆઈની નાણાંકીય નીતિ સમીક્ષા : રૂપિયા ઉપર નજર

મુંબઈ,તા. ૨૯

શેરબજાર અને ઉદ્યોગ જગત સાથે સંકળાયેલા લોકો જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે તે આરબીઆઈની નાણાંકીય નીતિ સમીક્ષા આવતીકાલે જાહેર કરવામાં આવનાર છે. આ વખતે નાણાંકીય નીતિ સમીક્ષામાં તમામની નજર રૂપિયા ઉપર કેન્દ્રીત રહેશે. આરબીઆઈ પણ રૂપિયા ઉપર મુખ્ય ધ્યાન કેન્દ્રીત કરીને આગળ વધશે. ડૉલરની સરખામણીમાં રૂપિયો તાજેતરના સમયમાં ઘટી ગયા બાદ આ વખતે રૂપિયાને પડતીથી રોકવા માટે વધારે પગલાં લેવામાં આવશે. નાણાંકીય નીતિ સમીક્ષામાં મોટાભાગે પોલીસી રેટ અને લિક્વિડિટી એડજેસ્ટમેન્ટના



ઉપાયો ઉપર ચર્ચા રહે છે પરંતુ ડૉલરની સરખામણીમાં રૂપિયો સતત ઘટી ગયા બાદ આ વખતે આરબીઆઈની નજર રૂપિયા ઉપર કેન્દ્રીત રહેશે. આવતીકાલે સવારે આરબીઆઈની નાણાંકીય નીતિ સમીક્ષા જારી કરવામાં આવનાર છે. ગવર્નર ડી સુબ્બારાવની અંતિમ પોલીસી સમીક્ષા હોઈ શકે છે. પોલીસીમાં સુબ્બારાવ તાજેતરમાં લેવામાં આવેલા પગલાંની જરૂરિયાત અંગે વાત કરશે. પોલીસીમાં સુબ્બારાવ મૂડીરોકાણકારોને કેટલીક ખાતરી આપે તેવી પણ શક્યતા દેખાઈ રહી છે. સુબ્બારાવના હાલના પગલાંથી મૂડીરોકાણકારો ખૂબ હેરાન થયેલા હતા. હાલના દિવસોમાં ફુગાવાનો દર ત્રણ વર્ષની નીચી સપાટી એટલે કે ૪.૮૬ ટકા ઉપર છે પરંતુ ઈકોનોમીક ગ્રોથ ઘટી જવાના પરિણામ સ્વરૂપે ઘણી સમસ્યા છે. વ્યાજદર ઘટાડવાનો અંદાજ મૂકવાની બાબત મુશ્કેલરૂપ નથી પરંતુ ડૉલરની સરખામણીમાં રૂપિયો નબળો પડતાં વ્યાજદરમાં ઘટાડો થઈ રહ્યો નથી. આ મહિને ડૉલરની સરખામણીમાં રૂપિયો રેકોર્ડ નીચી સપાટીએ પહોંચી ગયા બાદ આરબીઆઈએ જે પગલાં લીધા છે ત્યારબાદ સુબ્બારાવની સરખામણી આરબીઆઈના ભૂતપૂર્વ ગવર્નર બિમલ જાલન સાથે કરવામાં આવી રહી છે. બિમલ જાલને જાન્યુઆરી ૧૯૯૮માં શોકથેરાપી હેઠળ વ્યાજદર અને કેસ રિઝર્વ રેસિયોમાં જંગી વધારો કર્યો હતો અને ઓછા વ્યાજદરના દોરને ખતમ કરી નાંખોય હતો. જાલનના આ ઉપાય ત્રણ મહિના સુધી અમલી રહ્યા હતા. મોનિટરીંગ ટાઈપીંગ હવે ખતમ થઈ રહી છે. આને લઈને મૂડીરોકાણકારોની નજર સુબ્બારાવ ઉપર કેન્દ્રીત થયેલી છે. જો કે મુડીરોકાણકારોના પ્રશ્નોના જવાબ હજુ મળી શકશે નહીં. કારણ કે કેટલીક એવી ચીજો છે જેનો યોગ્ય અંદાજ મળી રહ્યો નથી. યુપીએ સરકાર તરફથી વિરોધાભાષી સંકેત મળી રહ્યા છે. સરકાર ઈચ્છે છે કે કેટલાક પગલાં લેવામાં આવે.

## શિરડી મંદિર શહેરમાં કુલ ૪ મૃતદેહ મળી આવતા ચકચાર

શિરડી,તા. ૨૯


સાંઈ બાબા મંદિરની હદની અંદર જુદા જુદા વિસ્તારોમાંથી ચાર મૃતદેહ મળી આવતા પોલીસ પણ ચોંકી ઉઠી છે. આ તમામની હત્યા કરવામાં આવી હોવાનું પ્રાથમિકરીતે જાણવા મળી રહ્યુ છે. અહેમદનગર-માનમેડ રોડ પર હોટલ અને મંદિર નજીકના વિસ્તારમાં આ મૃતદેહ પૈકીના ત્રણ મૃતદેહ મળી આવ્યા હતા. તેમના માથા પર ગંભીર પ્રકારના ઘાના નિશાન મળી આવ્યા છે. જ્યારે ચોથો મૃતદેહ સરકારી ગેસ્ટહાઉસની સામે એક વૃક્ષ પર લટકેલી હાલતમાં મળી આવ્યો છે. માર્યા ગયેલાઓની વય ૫૦-૫૫ આંકવામાં આવી છે. આ ચાર મૃતદેહ ઉપરાંત અન્ય એક વ્યક્તિ શિરડી રેલવે સ્ટેશન ખાતે બેભાન હાલતમાં મળી આવ્યો છે. આ શખ્સને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે.

પોલીસને શંકા છે કે કોઈ સિરિયલ કિલર અથવા તો સાઈકોમાણસનું આ કૃત્ય હોઈ શકે છે. શિરડી રેલવે સ્ટેશન નજીક એક પખવાડિયા અગાઉ એક પુરુષ અને મહિલાના મૃતદેહ મળી આવ્યા હતા અને હવે જે ચારના મૃતદેહ મળી આવ્યા છે તેની હત્યા પણ આ રીતે જ કરવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યુ છે. અગાઉ પણ તેમના માથામાં ઘા ઝીંકીને જ હત્યા કરવામાં આવી હતી. ગયા મહિનામાં કોલ્હાપુર શહેરમાં સિરિયલ કિલીંગનો આવો જ એક બનાવ બન્યો હતો. દરમિયાન શિરડી પોલીસે શંકાસ્પદ કિલરનો સ્કેચ જારી કર્યો છે અને કેસ નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. અગાઉ પોલીસે રેલવે સ્ટેશન ખાતે બે લોકોની હત્યાના સંબંધમાં એક વ્યક્તિની અટકાયત કરી હતી પરંતુ આ ક્રાઈમમાં તેની કોઈ ભૂમિકા હોવાનું જાણવા ન મળતા તેને છોડી મુકવામાં આવ્યો હતો. હવે પોલીસે આ સમગ્ર મામલામાં ઉંડી તપાસ હાથ ધરી છે. તપાસના સંબંધમાં પોલીસ જુદા જુદા એન્ગલ અપનાવી રહી છે. શિરડી મંદિર શહેરમાં ચાર મૃતદેહ મળી આવતા પોલીસ પણ આશ્ચર્યચકિત છે.

## ઘૂસણખોરીનો વધુ એક પ્રયાસઃ આતંકવાદી ઠાર

શ્રીનગર,તા. ૨૯

જમ્મુ કાશ્મીરમાં ઘૂસણખોરીના પ્રયાસ આતંકવાદીઓએ એકાએક વધારી દીધા છે. માત્ર જમ્મુ કાશ્મીરમાં જ નહીં બલ્કે દેશના જુદા જુદા ભાગોમાં આતંક મચાવવાના હેતુસર આતંકવાદીઓ સરહદ પારથી ઘૂસણખોરી કરવાના પ્રયાસમાં છે. હાલમાં જ સૈનાએ ઘૂસણખોરીના ઘણા પ્રયાસોને નિષ્ફળ બનાવીને અનેક આતંકવાદીઓને મોતને ઘાત ઉતારી દીધા છે. સેનાએ આજે અંકુશરેખા ઉપર કેરન સેક્ટરમાં ઘૂસણખોરીનો વધુ એક પ્રયાસ નિષ્ફળ બનાવી દીધો હતો. આ ઓપરેશનના ભાગરૂપે એક આતંકવાદીને મોતને ઘાત ઉતારી દેવામાં આવ્યો હતો. ઠાર થયેલા આતંકવાદી પાસેથી હથિયોરો પણ કબજે કરવામાં આવ્યા હતા. આ સેક્ટરમાં ફરજ બજાવી રહેલા જવાનોને



કેટલીક શંકાસ્પદ હિલચાલ જોવા મળી હતી. હિલચાલમાં રહેલા શખસોને શરણાગતિ સ્વીકારી લેવા માટે પડકાર ફેંકવામાં આવ્યો હતો પરંતુ આ આતંકવાદીઓએ સૈના ઉપર ગોળીબાર કર્યો હતો.જવાબી કાર્યવાહી કરવામાં આવતા એક આતંકવાદી ઠાર થયો હતો જ્યારે અન્ય આતંકવાદીઓ ફરાર થઈ ગયા હતા.

સર્ચ ઓપરેશન દરમિયાન પોલીસને આતંકવાદીનો મૃતદેહ મળી આવ્યો હતો. આ ઉપરાંત એ કે રાઈફલ અને અન્ય હથિયારો કબજે કરી લેવામાં આવ્યા હતા. પાકિસ્તાન દ્વારા પણ તાજેતરમાં અનેક વખત સરહદ ઉપર ગોળીબાર કરવામાં આવ્યો છે. જુલાઈ મહિનામાં પાકિસ્તાને યુદ્ધ વિરામનો પાંચ વખત ખુલ્લો ભંગ કરીને આતંકવાદીઓને સરહદમાં ઘૂસાડવાના પ્રયાસ કર્યા છે. એવા ગુપ્તચર અહેવાલ મળ્યા છે કે સરહદ પાર સૈકડો આતંકવાદીઓ હાલમાં આતંકવાદી તાલીમ લઈ રહ્યા છે. તેમના ઉપર સુરક્ષાદળોની ચાંપતી નજર છે. હાલ અમરનાથ યાત્રા ચાલી રહી હોવાથી ભારતીય સૈનાના જવાનો વધુ સાવધાન થયેલા છે. ઘૂસણખોરીને લઈને સરકાર પણ હાલમાં સાવધાન બનેલી છે અને વિકલ્પો પર ચર્ચા ચાલી રહી છે.

## ક્રિકેટ વિશ્વકપ ૨૦૧૫ના કાર્યક્રમની આજે જાહેરાત

નવી દિલ્હી,તા. ૨૯

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (આઈસીસી) ૨૦૧૫ના વિશ્વકપના કાર્યક્રમની આવતીકાલે જાહેરાત કરશે. આનું આયોજન મુખ્યરીતે ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝિલેન્ડ દ્વારા કરવામાં આવનાર છે. આઈસીસીએ એક નિવેદનમાં કહયુ છે કે ૨૦૧૫ વિશ્વકપના પુલ, સ્થળ અને કાર્યક્રમની જાહેરાત આવતીકાલે સવારે મેલબોર્ન અને વેલિંગ્ટનમાં ભારતીય સમય મુજબ ૫.૩૦ વાગ્યે કરવામાં આવશે. આ મુજબ મેલબોર્નમાં આ ટુર્નામેન્ટની જાહેરાત પેનિનસુલા, સેન્ટ્રલ પિયર, ૧૬૧ હાર્બરઈસ્પલાનેડ, ડોકલેન્ડસ ખાતે કરવામાં આવશે જ્યારે ક્રિકેટ ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ ક્રિકેટર, આઈસીસીના અધિકારીઓ, અન્ય અધિકારીઓ, ભૂતપૂર્વ અને વર્તમાન આંતરરાષ્ટ્રીય ક્રિકેટરો પણ કર્યક્રમ વેળા ઉપસ્થિત રહે તેવી શક્યતા દેખાઈ રહી છે. મેલબોર્નમાં આની જાહેરાત આઈસીસીના ઉપાધ્યક્ષ મુસ્તફા કમલા, આઈસીસી ક્રિકેટ વિશ્વકપ ૨૦૧૫ની સ્થાનિક આયોજન સમિતિના અધ્યક્ષ રોલ્ફ રોટર્સ, આઈસીસીના મુખ્ય કારોબારી ડેવિડ રિચરસન, આઈસીસી ક્રિકેટ વિશ્વકપ ૨૦૧૫ના સ્થાનિક આયોજન સમિતિના મુખ્ય કારોબારી હાર્નડેન દ્વારા જાહેરાત કરવામાં આવશે.

વેલિંગ્ટનમાં આઈસીસીના અધ્યક્ષ એલેન ઈસાક કાર્યક્રમની જાહેરાત કરશે. આ કાર્યક્રમની જાહેરાતને લઈને લાખો ક્રિકેટ ચાહકોમાં ઉત્સુકતા છે કારણ કે ૨૦૧૫માં વિશ્વકપનું આયોજન કરવામાં આવનાર છે. કયા ગ્રુપમાં કઈ ટીમો રહેશે અને કઈ ટીમ કોની સામે કઈ તારીખે ટકરાશે તેને લઈને આની જાહેરાત કરવામાં આવશે.

ભારતીય સમય મુજબ સવારે પાંચ વાગ્યે કાર્યક્રમની જાહેરાત કરવામાં આવ્યા બાદ સમગ્ર મીડિયાની નજર આ કાર્યક્રમ પર કેન્દ્રિત રહેશે. ભારતે છેલ્લા વિશ્વકપમાં વિજેતા બનવામાં સફળતા મેળવી હતી. હવે ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝિલેન્ડ દ્વારા આનું આયોજન કરવામાં આવનાર છે.

## વ્યાજદર, સીઆરઆર યથાવત્ રહે તેવી વકી

આરબીઆઈની નાણાંકીય નીતિ સમીક્ષા પહેલાં એક અગ્રણી વેપારી અખબાર દ્વારા કરવામાં આવેલા સર્વેમાં જાણવા મળ્યું છે કે આરબીઆઈ તેની નાણાંકીય સમીક્ષામાં વધારે ફેરફાર કરશે નહીં. રેપોરેટ ૭.૨૫ ટકા અને સીઆરઆર ૪ ટકાની સપાટીએ જાળવી રાખવામાં આવશે. સર્વેના ભાગરૂપે ૧૫ અર્થશાસ્ત્રીઓએ એક મતમાં કહ્યું હતું કે રેપોરેટ અને સીઆરઆરમાં ફેરફાર કરવામાં આવશે નહીં. રેપોરેટ એ રેટ છે જેના ઉપર બેંક આરબીઆઈ પાસેથી ટૂંકા ગાળાની લોન મેળવે છે. જ્યારે સીઆરઆર એ રેશિયો છે જે હિસાબથી બેંકોને કેટલીક રકમ આરબીઆઈની પાસે જમા કરવી પડે છે.

## સમાચાર ઝલક

- દેશમાં મહિલાઓ સલામત નથી : સુષ્મા સ્વરાજ.
- મધ્યાહન ભોજનનાં પ્રશ્ન અંગે બિહાર વિધાનસભામાં હોબાળો.
- સિનિયર પોલીસ અધિકારી પી.પી. પાંડે ઇશરત જહાં એન્કાઉન્ટરના આરોપી હોસ્પીટલમાં દાખલ.
- મહારાષ્ટ્રમાં મધ્યાહન ભોજન લેતાં ૭૦ થી વધારે બાળકો બિમાર પડ્યા.
- ઉત્તરપ્રદેશમાં આઇ.એ.એસ. ઓફિસર દુર્ગાશક્તિ નાગપાલને સર્વિસમાંથી દૂર કરાયા, સરકારના આ પગલાંથી આઇ.એ.એસ. એસોસીએશન નારાજ.
- ચિતોડગઢમાં ૫૦૦ પર્યટકો ફસાયા.
- જીવનું જોખમ હોવાથી, અંડરવર્લ્ડ ડોન અબુ સાલેમની જેલ બદલવા કોર્ટનો આદેશ.
- આજે વડાપ્રધાન મનમોહનસિંહની ઉદ્યોગપતિઓ સાથે બેઠક યોજાઇ.
- કાશ્મીર અને પાકિસ્તાનમાં ભૂકંપનાં આંચકા, લોકો બહાર દોડી આવ્યા.
- ઉત્તરપ્રદેશમાં અરાજકાત ફેલાઇ હોવાનું તમામ રાજકીય પક્ષોનો આક્ષેપ.
- તેલંગાણા રાજયનો કોકડું જલ્દી ઉકેલાશે.
- આસામ બોમ્બ વિસ્ફોટથી પોલીસ કર્મચારીઓ ઘવાયા.
- મધ્યપ્રદેશમાં ભારે વરસાદની આગાહી.
- ઉજ્જૈનમાં મહાકાલેશ્વરમાં શ્રાવણ માસના સોમવારની ભસ્મ આરતી થઇ.
- લીંબીયામાં જેલ તોડી એક હજાર કૈદીઓ ભાગી ગયા.
- મુન્નાભાઇ સંજય દત્તનો જન્મદિવસ જેલમાં ઉજવાયો.
- નાણાંમંત્રી ચિદંમ્બરમ્નું નાણાં અર્થવ્યવસ્થા પર ચિંતન પ્રવચન અમદાવાદમાં યોજાયું.
- ગેસના ભાવવધારા અંગે સુપ્રીમકોર્ટ લાલઘૂમ.
- રૂપિયાને ઘટતો અટકાવવા આજથી રીઝર્વ બેંકની સમીક્ષા બેઠક.